R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2020. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2020 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૨ ● તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૦ ● અંક નં. ૪૬

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : અશોક કાલરીયા

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી ● સંપાદક : જગદીશ આચાર્ય

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ ₹ ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.net ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

## કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (ત.સે.)ની કચેરી

# ૭૦૦ સ્ટાફનર્સ વર્ગ-૩ની સીધી ભરતી

કમિશનરશ્રી કચેરી, આરોગ્ય તબીબી સેવાઓ, અને તબીબી શિક્ષણ ગાંધીનગર હસ્તકની રાજ્યની સરકારી હોસ્પિટલો / સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્ટાફનર્સ વર્ગ-૩ ની કુલ-૭૦૦ જગ્યાઓ માટેની નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા સ્ટાફનર્સની ભરતી અંગે નિયત નમુનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે અરજી તા.૦૧/૦૧/૨૦૨૧ (૧૪:૦૦ કલાક) થી તા.૨૧/૦૧/૨૦૨૧ (રાત્રીનાં ૨૩.૫૯ કલાક) દરમિયાન https://ojas.gujarat.gov.in વેબસાઈટ ઉપર મુકવામાં આવેલી સુચના મુજબ ફક્ત ઓનલાઈન કરવાની રહેશે. ઉમેદવારોનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ (૧૫ K.B) અને સહીનો નમુનો (૧૫ K.B) સાઈઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. તમામ ઉમેદવારે અરજી પત્રકોમાં પોતાના શૈક્ષણિક લાયકાત, વય, જાતિ અંગેના તેમજ અન્ય જરૂરી પ્રમાણપત્રો મુજબ જ વિગતો ભરવાની રહેશે. સ્ટાફનર્સની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગારધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ અને સામાન્ય સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

**ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓ:**

| ક્રમ | વિગત | કુલ | અનુ. જાતિ (S.C) | અનુ. જન. જાતિ (S.T) | શા.સૈ.પ.વ. (SEBC) | આ.ન.વ. (E.W.S.) | દિવ્યાંગ (PH) | જનરલ (GEN) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અગાઉની ઘટ | | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૮ | ૦૦ |
| ૨ | ભરવાની થતી જગ્યાઓ | ૭૦૦ | ૪૯ | ૧૦૫ | ૧૮૯ | ૭૦ | ૨૧ | ૨૮૭ |
| | ઘટ સાથે કુલ | ૭૦૦ | ૪૯ | ૧૦૫ | ૧૮૯ | ૭૦ | ૪૯ | ૨૮૭ |

- ફકત ભારતના નાગરીક આ અરજી કરી શકશે.
- પસંદગી પામનાર ઉમેદવારો પૈકી ઉમેદવારોમાં પરણિત સ્ત્રી અથવા પુરૂષે હયાત પતિ અથવા પત્નિ સિવાય અન્ય લગ્ન કે લગ્ન કરાર કરેલ હશે તો તે ગેરલાયકાતમાં ગણાશે સિવાય કે તેઓના અંગત કાયદા હેઠળ આ પ્રકારે લગ્ન કે લગ્ન કરાર કરવા છૂટ હોય.
- અનામત જગ્યાઓ ફક્ત મુળ ગુજરાતના શા.શૈ.પ.વ., અનુસુચિત જાતિ, અનુસુચિત જન. જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.
- મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ ટકા મુજબ અનામત છે. જેને જે તે કેટેગરી સામે સરભર કરાશે.
- માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦% મુજબ જગ્યાઓ અનામત છે. જે તે કેટેગરી સામે સરભર કરાશે. શા.ખો.ખા.ના ઉમેદવારો માટે ૩% જગ્યાઓ અનામત છે અને આ ઉમેદવારોને જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.

**પગાર ધોરણ:-**

નાણાં વિભાગનાં તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૦૧/૦૮/૨૦૦૬ તથા તા.૦૬/૧૦/૨૦૧૧ના ઠરાવ અને સામાન્ય વહિવટ વિભાગનાં તા.૦૪/૦૬/૨૦૦૯ અને તા.૨૩/૧૦/૨૦૧૫નાં ઠરાવની જોગવાઈઓ અને નાણાવિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવની જોગવાઈઓને આધીન જે બોલીઓ / શરતો / નિયમો નક્કી કરેલ છે તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવે તે બોલીઓ / શરતો / નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. જે જોગવાઈઓને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે સ્ટાફનર્સ વર્ગ-૩ને રૂ.૩૧,૩૪૦/- ના માસિક ફિક્સ પગારના પગારથી લાયક ઉમેદવારને કરાર આધારે નિમણુંક આપશે. તે સિવાય અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહિં. ત્યાર બાદ પાંચ વર્ષની સેવાઓ પૂરી થયેથી તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાયે સાતમાં પગારપંચ મુજબ પે. મેટ્રીક્સ લેવલ-૫ પગાર ધોરણ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦ અથવા સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવતાં જે તે પગારધોરણમાં નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

**શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થાઓ માંથી મેળવેલ બેઝીક બી.એસ.સી.(નર્સીંગ) (Regular)નો ડીગ્રી કોર્ષ. **અથવા**
ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થાઓ માંથી મેળવેલ જનરલ નર્સીંગ એન્ડ મીડવીફરી (GNM)નો ડીપ્લોમા કોર્ષ **અથવા**

(૨) ઓકઝીલરી નર્સ એન્ડ મીડવાઈફ (ANM) અને ફીમેલ હેલ્થ વર્કર (F.H.W) જેઓ રાજય સરકાર અથવા પંચાયત સેવામાં છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત નિમણુકથી ફરજો બજાવતા હોય અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબની બી.એસ.સી. (નર્સીંગ) અથવા જી.એન.એમ.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેઓ પણ આ જગ્યા માટે અરજી કરી શકે છે અને તેઓને સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. પરંતુ કોઈપણ સંજોગોમાં ઉમર ૪૫ વર્ષ કરતા વધવી જોઈએ નહી. જે તે કચેરીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) અરજી કરતી વખતે ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટર્ડ નર્સ અને રજીસ્ટર્ડ મીડવાઈફનુ કાયમી અથવા સમયાંતરે રીન્યુઅલ કરાવેલ રજીસ્ટ્રેશન હોવુ ફરજીયાત છે. અરજી પત્રકમાં રજીસ્ટર્ડ નર્સ તેમજ રજિસ્ટર્ડ મીડવાઈફ અથવા સમકક્ષ લાયકાતનો રજીસ્ટ્રેશન નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે. અન્ય કોઈ પણ આધારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૩) ગુજરાતી / હિન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**કોમ્પ્યુટર અંગે જાણકારી:-**

ઉમેદવાર રાજ્ય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલ કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. સામાન્ય વહિવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના સરકારી ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-વ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે તથા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા

➔

જોઇશે. આ તબક્કે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલા આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

**વય મર્યાદાઃ-**

- અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની વય ૪૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહી.

**વય મર્યાદામાં છુટછાટઃ-**

- મુળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જન.જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૧૦ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહિવટ વિભાગનાં તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત કેટેગરીના મહિલા અરજદારોને અનામત તરીકે મળતી ઉપલી વયમર્યાદાની છૂટછાટ ઉપરાંત મહિલા તરીકેની ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભુમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ / પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- તમામ અનામત કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા છુટછાટ સાથે કોઇ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

**પસંદગી પ્રક્રીયાઃ-**

- પરીક્ષા O.M.R. (Optical Mark Reader) પધ્ધતિથી લેવામાં આવશે. જેમાં નર્સીંગ વિષયના ૧૦૦ પ્રશ્નો તેમજ ગુજરાતી વિષયના ૧૦૦ પ્રશ્નો MCQ (Multiple choice question) દ્વારા પુછવામાં આવશે.
- પેપર-૧ નર્સીંગ વિષયનું રહેશે. જેમાં ફન્ડામેન્ટલ ઓફ નર્સીંગ-૨૦ ગુણ, મેડીકલ સર્જીકલ નર્સીંગ-૨૦ ગુણ, મીડવાઇફરી અને પીડીયાટ્રીક નર્સીંગ-૨૦ ગુણ, મેન્ટલ હેલ્થ અને સાયક્યાટ્રીક નર્સીંગ-૨૦ ગુણ, કોમ્યુનીટી હેલ્થ નર્સીંગ-૨૦ ગુણ આમ કુલ ૧૦૦ પ્રશ્નો પુછવામાં આવશે અને દરેક પ્રશ્નનો ૧ ગુણ રહેશે. આ વિષયો માટેનો અભ્યાસક્રમ ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ ધ્વારા નિર્ધારીત કરેલ સીલેબસ મુજબનો રહેશે.
- પેપર-૨ ગુજરાતી ભાષાના પેપર માટે પુછવામાં આવનાર અભ્યાસક્રમ ધોરણ-૧૨ હાયર સેકન્ડરી કક્ષાથી નીચેનું રહેશે નહીં. જેમાં ભાષા (Language)-૩૦ ગુણ, વ્યાકરણ (Grammar)-૪૦ ગુણ અને સાહીત્ય (Literature)-૩૦ ગુણ આમ કુલ-૧૦૦ પ્રશ્નો પુછવામાં આવશે અને દરેક પ્રશ્ન નો ૧ ગુણ રહેશે.
- દરેક ખોટા પ્રશ્નના જવાબ માટે ૦.૨૫ ગુણ બાદ કરવામાં આવશે.
- શકય ત્યાં સુધી પરીક્ષા સબંધિત બધી જ સુચનાઓ મોબાઇલ નંબર ઉપર SMS થી આપવામાં આવશે. આથી અરજી પત્રકમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી આપેલ મોબાઇલ નંબર જાળવી રાખવો જરૂરી છે.
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે નર્સીંગ વિષયને લગતી પરીક્ષા ૧૦૦ ગુણની રહેશે. જેમાં ઉત્તીર્ણ થવા માટે ૫૦ ટકા ગુણ જરૂરી છે. જાહેરાતમાં દર્શાવ્યા મુજબના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો પાસીંગ ધોરણ ઘટાડવાની સત્તા ભરતી સમિતીને રહેશે અને તે મુજબ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. પરીક્ષા માટેનો સમય ૨(બે) કલાકનો રહેશે. પરીક્ષા ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં આપી શકાશે.
- ગુજરાતી ભાષાની પરીક્ષા ૧૦૦ ગુણની રહેશે. જેમાં ઉત્તીર્ણ થવા માટે ૩૫ ટકા ગુણ જરૂરી છે. પરીક્ષા ફકત ગુજરાતી ભાષામાં આપી શકાશે.
- બન્ને પરીક્ષામાં પાસ થવુ જરૂરી છે, પરંતુ નર્સીંગના વિષયમાં તેમજ ગુજરાતી ભાષાના બંન્ને પેપરમાં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે.

**પરીક્ષા ફી.**

(૧) "General" કેટેગરી Select કરનાર ઉમેદવારો માટે અરજી ફી. રૂ. ૩૦૦/- + પોસ્ટ ઓફીસ ચાર્જ (ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૩૦૦ + ચાર્જ) ભરવાનો રહેશે તેમજ ઓનલાઇન પેમેન્ટ કરવા માટેનો પણ વિકલ્પ ઉપલબ્ધ હોઇ ઓનલાઇન પેમેન્ટ પણ કરી શકશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જન.જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, દિવ્યાંગ, માજી સૈનિક અને આ.ન.વ. ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ફી/ચાર્જ ભરવાનો રહેશે નહી.

(૨) "General" કેટેગરી Select કરનાર અને પોસ્ટ ઓફિસ મારફતે અરજી ફી ભરવા માંગતાં ઉમેદવારોએ ઓનલાઇન અરજી કર્યા બાદ OJAS વેબસાઇટ ઉપરથી અરજી પત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફીસના ૩(ત્રણ) ચલણની A-4 સાઇઝની પ્રિન્ટ લઇને તે કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં રજુ કરવાથી તેઓ દ્વારા ફી સ્વીકારવામાં આવશે. જ્યારે ઓનલાઇન ફી નું ચુંકવણું કરવા માંગતા ઉમેદવારોએ પેમેન્ટ માટે ઉપલબ્ધ વિકલ્પો પૈકી કોઇ એક વિકલ્પ પસંદ કરી ફી ચુંકવવાની રહેશે.

(૩) "General" કેટેગરી Select કરનાર ઉમેદવારોએ આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોસ્ટ ઓફીસ રાખશે અને બીજા બે સહી/ સિક્કા કરી ઉમેદવારને પરત કરશે. જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે અચૂક રજુ કરવાની રહેશે. જો આ ચલણ રજુ નહી કરે તો તે ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. જ્યારે ઓનલાઇન ફી ચુંકવણું કરનાર ઉમેદવારોએ ફી ચુંકવણું કર્યા અંગેની પહોંચ સાચવી રાખવાની રહેશે.

(૪) પોસ્ટ ઓફીસમાં તેમજ ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૨૨/૦૧/૨૦૨૧ના પોસ્ટ ઓફિસના કામકાજ સમય સુધી રહેશે.

(૫) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ "General" કેટેગરી Select કરનાર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૬) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ન મળે તો તાત્કાલિક ઉમેદવારે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

**સામાન્ય સુચનાઓ :**

(૧) સદર ભરતી સંબંધિત તમામ સુચનાઓ / વિગતો વખતો વખત www.gujhealth.gujarat.gov.in અથવા http://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી જોવા મળશે.

(૨) ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ (અસલ અને પ્રમાણિત નકલ) આ ખાતા ધ્વારા જયારે મંગાવવામાં આવે ત્યારે જે તે સ્થળે અને સમયે સ્વ ખર્ચે રૂબરૂ રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક રદ જાહેર કરવામાં આવશે.

(૩) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલ એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે અને ભરેલ ફી ના નાણા પરત મળશે નહી.

(૪) શારીરિક અશક્તતા (ફકત ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૦ ટકા સુધીની One Lower limb ની Locomotor disability) ધરાવતા ઉમેદવારે Online અરજી ફોર્મમાં અંગત માહિતી કે વિગતોમાં પોતાની અશક્તતાની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૫) અનામત કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, લાગુ પડે ત્યાં નોન ક્રિમીલીયર સર્ટીફીકેટ અને આર્થિક નબળા વર્ગ (EWS)નું પ્રમાણપત્ર સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૯ના પરીપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ-૨ મુજબનું જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખની સ્થિતિએ માન્ય હોય તે ધ્યાનમાં લેવાશે.

(૬) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૭) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહિ. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો તેમજ ભરતી પ્રક્રિયાના નિયમોને આધીન રહેશે.

(૯) આ જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યાઓમાં વધ ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે. આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળશે નહિ.

(૧૦) આ અંગેનું ઓનલાઇન અરજી પત્રક વેબસાઇટ http://ojas.gujarat.gov.in ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી ફોર્મ કોઇ પણ કોમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપર ભરી શકાશે. ઇ-ગ્રામ કેન્દ્રમાં પણ સુવિધા ઉપલબ્ધ હોય છે.

(૧૧) અરજી પત્રક ભરતા પહેલાં વેબસાઇટ પર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઇન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓ કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યાર બાદ જ ઓનલાઇન અરજીપત્રક ભરવું.

(૧૨) ફકત ઓનલાઇન અરજીપત્રકો જ માન્ય ગણાશે, જો અન્ય કોઇ પણ પ્રકારે અરજી પત્રકો મોકલવામાં આવશે તો તે રદ બાતલ ગણાશે.

# યુનાઇટેડ નેશન્સનો સાસાકાવા અવોર્ડ ક્યા ક્ષેત્રમાં થયેલા કાર્યની સરાહના રૂપે અપાય છે?

**1. ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઇન્ડેક્સ કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે?**
(૧) રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા (૨) ઉદ્યોગ મંત્રાલય
(૩) નીતિ આયોગ (૪) વર્લ્ડ બૅંક

**2. ભારતમાં આયોજન પંચની રચના ક્યારે થઈ?**
(૧) જાન્યુઆરી ૧૯૫૦ (૨) એપ્રિલ ૧૯૫૦
(૩) એપ્રિલ ૧૯૫૧ (૪) માર્ચ ૧૯૫૦

**3. The State shall make provision for securing just and humane conditions of work and for maternity relief. - આ વાક્ય બંધારણના ક્યા અનુચ્છેદમાં છે?**
(૧) ૪૮ (૨) ૩૯-ક (૩) ૪૨ (૪) ૧૧

**4. ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજોનો સમાવેશ ક્યા વર્ષમાં થયો?**
(૧) ૧૯૫૨ (૨) ૧૯૫૪ (૩) ૧૯૭૬ (૪) ૧૯૮૦

**5. નીચે દર્શાવેલ ? ના સ્થાને સાચો વિકલ્પ પસંદ કરો. NOA, QSB, TUC, ?**
(૧) WXD (૨) WWD (૩) WVD (૪) UVD

**6. નીચે પૈકીની કઈ ધાતુ Noble Metals કહેવાય છે?**
(૧) સોનું (૨) ચાંદી (૩) ઇરિડિયમ (૪) આગળની ત્રણેય

**7. ભારતીય વાયુ સેના દ્વારા ઉપયોગમાં લેવાતું C-139 એ શું છે?**
(૧) વિમાન (૨) હેલિકોપ્ટર (૩) રડાર (૪) મિસાઇલ

**8. સલીમ અલી બર્ડ સેન્ચુરી ક્યાં આવેલી છે?**
(૧) ગોવા (૨) મહારાષ્ટ્ર (૩) રાજસ્થાન (૪) હરિયાણા

**9. નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી NCCનો મુદ્રાલેખ ક્યો છે?**
(૧) Unity and Discipline (૨) Unity and Integrity
(૩) Unity and Command (૪) Unity and Service

**10. નીચે પૈકીનો ક્યો વિભાગ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવતો નથી?**
(૧) Department of Official Languages
(૨) Department of Border Management
(૩) Department of Jammu and Kashmir Affairs
(૪) Department of Legal Affairs

**11. ભારતીય બંધારણના ક્યા અનુચ્છેદ હેઠળ પ્રત્યેક નાણાકીય વર્ષના સંદર્ભમાં ભારત સરકારના અંદાજિત આવક અને ખર્ચનું સ્ટેટમેન્ટ સંસદ સમક્ષ રજૂ કરવાનું હોય છે?**
(૧) ૧૧૦ (૨) ૧૧૧ (૩) ૧૧૨ (૪) ૧૧૩

**12. ધ સાઉથ અશિયન અસોસિઅશન ફોર રિજિયોનલ કૉઓપરેશનની સ્થાપના ક્યાં થઈ હતી?**
(૧) કોલમ્બો (૨) ઇસ્લામાબાદ (૩) કાઠમાંડુ (૪) ઢાકા

**13. નીચે પૈકીનો ક્યો દેશ ન્યૂ ડેવલપમેન્ટ બૅંકનો સ્થાપક સભ્ય નથી?**
(૧) બ્રાઝિલ (૨) કૅનેડા (૩) રશિયા (૪) ભારત

**14. પબ્લિક ફાઇનાન્સિયલ મૅનેજમેન્ટ સિસ્ટમ (PFMS) એ વેબ-આધારિત ઓનલાઇન સોફ્ટવેર અપ્લિકેશન છે જેની રચના, વિકાસ, માલિકી અને અમલીકરણ ......... દ્વારા કરવામાં આવ્યા છે.**
(૧) નાણાકીય સેવાઓનો વિભાગ
(૨) ઇન્સ્ટિટ્યૂટ ઑફ ગવર્નમેન્ટ ઍકાઉન્ટ્સ ઍન્ડ ફાઇનાન્સ
(૩) કન્ટ્રોલર જનરલ ઑફ ઍકાઉન્ટ્સ
(૪) નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાઇનાન્સિયલ મૅનેજમેન્ટ

**15. નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ ક્યાં છે?**
(૧) ચેન્નાઈ (૨) બૅંગલુરુ (૩) કોલકાતા (૪) જયપુર

**16. નૅશનલ ડોપ ટેસ્ટિંગ લૅબોરૅટરી ........... ને આધિન રહીને કાર્ય કરે છે.**
(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
(૨) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રલાય
(૩) યુવા બાબતો અને રમતગમત મંત્રાલય
(૪) ગૃહ બાબતોનું મંત્રાલય

**17. "ટ્રિપલ્સ" એ ............નું નવું ફોરમેટ છે.**
(૧) બોક્સિંગ (૨) જૂડો (૩) ચેસ (૪) બૅડમિંટન

**18. યુનાઇટેડ નેશન્સનો સાસાકાવા અવોર્ડ ક્યા ક્ષેત્રમાં થયેલા કાર્યની સરાહના રૂપે અપાય છે?**
(૧) ડિઝાસ્ટર રિસ્ક મૅનેજમેન્ટ (૨) પીસ કીપિંગ
(૩) આરોગ્ય સેવાઓ (૪) ગરીબી નાબૂદી

**19. ભારતના જી.એસ. લક્ષ્મીએ નીચે પૈકીની કઈ વિરલ સિદ્ધિ મેળવી છે?**
(૧) તેઓ ઇંગ્લિશ કન્ટ્રી ક્લબ માટે ક્રિકેટ રમનાર સૌપ્રથમ ભારતીય હતાં
(૨) તેઓ ICCના સૌપ્રથમ મહિલા મૅચ રેફરી બન્યાં
(૩) તેમને ૨૦૧૯માં રેમન મૅગ્સેસે અવોર્ડ મળ્યો
(૪) તેમને ૨૦૧૯નું બુકર પ્રાઇઝ મળ્યું

**20. ભારતમાં ૨૧ મે ને ...... તરીકે ઉજવવામાં આવે છે.**
(૧) NRI ડે (૨) રાષ્ટ્રીય યુવા દિન
(૩) રાષ્ટ્રીય ટેક્નોલોજી દિન (૪) રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિન

**21. A match made in heaven - આ વાક્ય માટે નીચે પૈકીનો સાચો વિકલ્પ પસંદ કરો.**
(૧) a marriage that is solemnized formally
(૨) a marriage that is unsuccessful
(૩) a marriage that is likely to be happy and successful
(૪) a marriage of convenience

**22. A culture vulture - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) someone who is very keen to experience art and literature
(૨) someone who wants to defend ancient culture
(૩) someone who is ashamed of one's own culture
(૪) someone who looks at her/his culture critically

**23. A death blow - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to be nearly dead
(૨) to be deeply afraid of death
(૩) to beat someone to death
(૪) an action or event which causes something to end or fail

**24. The jewel in the crown - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) someone who has many skills
(૨) something that one wants
(૩) the most valuable thing in a group of things
(૪) the jewel in the crown of the king

**25. To live in a fool's paradise - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to live a life that is dishonest
(૨) to be happy because you will not accept how had a situation really is
(૩) to believe that things you want will happen
(૪) to enjoy yourself by spending a lot of money

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

**26. A rotten apple - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to remove something which is rotten
(૨) one bad person in a group of good people
(૩) a loving and kind person
(૪) a disorganized person with bad habits

**27. To vote with your feet - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to show that you do not support something
(૨) to replace something important
(૩) to change something you must do
(૪) to express a particular opinion

**28. Verbal diarrhea - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to be sick (૨) to talk too much
(૩) to be in a difficult situation
(૪) to be a good orator

**29. To sail close to the wind - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to pretend to be something that you are not
(૨) to be in some unpleasant situation
(૩) to be destroyed by a belief
(૪) to do something that is dangerous

**30. A double entendre - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to look at someone or something twice
(૨) a situation in which you cannot succeed
(૩) a word which has two meanings
(૪) something that causes both advantages and problems

**31. To cut your own throat - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to stop doing something
(૨) to do something because you are angry
(૩) to behave in a relaxed manner
(૪) to allow someone to do Something

**32. Cook the books - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to record false information in the accounts of an organization
(૨) to do something that spoils some-one's plan
(૩) to tell a false story
(૪) to be very angry

**33. Change your tune - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to listen to good music
(૨) to do things that you are not willing to
(૩) to change your opinion completely because it will bring you an advantage
(૪) to pretend to be very Friendly

**34. Blue-Blood - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) to swallow poison
(૨) to be overly interested in someone
(૩) to suddenly become jealous
(૪) to belong to a family of the highest social class

**35. Cut the crap - આ શબ્દસમૂહ માટે નીચે પૈકીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) an impolite way of telling someone to stop saying things that are not true
(૨) to stop needing someone else to look after you
(૩) to talk about something important
(૪) to upset someone by criticizing, them

**36. "સાંજ સમે શામળિયો" ગીત કાવ્યની રચના નીચે પૈકીના ક્યા રચયિતાએ કરી હતી?**
(૧) નરસિંહ મહેતા (૨) પ્રેમાનંદ
(૩) મીરાબાઈ (૪) ભાલણ

**37. ગુજરાતી સાહિત્યમાં 'કવિ શિરોમણિ'નું માન કોને મળ્યું હતું?**
(૧) મનુભાઈ પંચોળી (૨) પ્રેમાનંદ
(૩) સુંદરમ્ (૪) ઉમાશંકર જોશી

**38. 'ગોપાળબાપા'નું પાત્ર મનુભાઈ પંચોળીની કઈ કૃતિમાં જોવા મળે છે?**
(૧) બંધન અને મુક્તિ (૨) દીપ નિર્વાણ
(૩) ઝેર તો પીધાં છે જાણી જાણી (૪) પરિત્રાણ

**39. 'ગુર્જરીના ગૃહ કુંજે' કાવ્ય કવિ સુંદરમ્ ના ક્યા કાવ્યસંગ્રહમાં છે ?**
(૧) વસુધા (૨) કાવ્યમંગલા (૩) યાત્રા (૪) વરદા

**40. પોતાની ગાંડી અને મૂંગી દિકરી મંગુ પર અપાર માતૃત્વ વરસાવતા અમરતકાકીનું પાત્ર ઇશ્વર પેટલીકરની કઈ જાણીતી કૃતિમાં છે?**
(૧) ધરતીનો અવતાર (૨) કંકુ અને કન્યા
(૩) મારી હૈયા સગડી (૪) લોહીની સગાઈ

**41. 'પુત્રવધૂનું સ્વાગત' કાવ્ય કોની રચના છે?**
(૧) નાથાલાલ દવે (૨) બકુલ ત્રિપાઠી
(૩) મકરંદ દવે (૪) પૂજાલાલ

**42. નિષિદ્ધનો સંધિવિગ્રહ શું થશે?**
(૧) નિ+ષિદ્ધ (૨) નિ+ષિદ્ધિ
(૩) નિઃ+સિદ્ધ (૪) નિઃ+પિદ્ધ

**43. 'મોટું ગામતરું કરવું' એટલે?**
(૧) મોટો મેળાવડો કરવો
(૨) નાના ગામમાંથી મોટા ગામે જવું
(૩) મરણ પામવું (૪) જીત મેળવવી

**44. 'પાથેય' શબ્દનો સમનાર્થી શબ્દ આપો.**
(૧) અર્જુન (૨) મુસાફર (૩) પથિક (૪) ભાતું

**45. 'શર્વરી' શબ્દનો સમનાર્થી શબ્દ આપો.**
(૧) સમીર (૨) શ્યામા (૩) રજની (૪) વલ્લભા

**46. 'ગિરિજા' શબ્દનો સમનાર્થી શબ્દ આપો.**
(૧) શીતળ (૨) પર્વતીય (૩) પાર્વતી (૪) ગિરિમથક

**47. 'ખોફ' શબ્દનો વિરોધી શબ્દ આપો.**
(૧) ગુસ્સો (૨) અણગમો (૩) મહેર (૪) ઘૃણા

**48. 'સંચય' શબ્દનો વિરોધી શબ્દ આપો.**
(૧) વ્યય (૨) પરિચય
(૩) ચયાપચય (૪) ખર્ચાળ

**49. 'સિત' શબ્દનો વિરોધી શબ્દ આપો.**
(૧) ધવલ (૨) શીતળ (૩) ઉષ્ણ (૪) અશ્વેત

**50. નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) નિરાભીમાની (૨) નિરભિમાની
(૩) નીરાભિમાની (૪) નિરાભિમાની

**જવાબો :**

**(૧) ૧ (૨) ૪ (૩) ૩ (૪) ૩ (૫) ૨ (૬) ૪ (૭) ૧ (૮) ૧ (૯) ૧ (૧૦) ૪ (૧૧) ૩ (૧૨) ૪ (૧૩) ૨ (૧૪) ૩ (૧૫) ૪ (૧૬) ૩ (૧૭) ૪ (૧૮) ૧ (૧૯) ૨ (૨૦) ૪ (૨૧) ૩ (૨૨) ૧ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૨ (૨૬) ૨ (૨૭) ૧ (૨૮) ૨ (૨૯) ૪ (૩૦) ૩ (૩૧) ૨ (૩૨) ૧ (૩૩) ૩ (૩૪) ૪ (૩૫) ૧ (૩૬) ૧ (૩૭) ૨ (૩૮) ૩ (૩૯) ૧ (૪૦) ૪ (૪૧) ૩ (૪૨) ૨ (૪૩) ૩ (૪૪) ૪ (૪૫) ૩ (૪૬) ૩ (૪૭) ૩ (૪૮) ૧ (૪૯) ૪ (૫૦) ૨**

# “સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે” - આ સૂત્ર કોણે આપ્યું?

1. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) ઉદ્યોગકરણ (૨) ઉદ્યોગિકરણ
(૩) ઉદ્યોગીકરણ (૪) ઔદ્યોગિકરણ

2. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) ત્રૈમાસીક (૨) ત્રિમાસીક
(૩) ત્રૈમાસિક (૪) ત્રિમાસીક

3. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) ખાતમુહુર્ત (૨) ખાતમૂહૂર્ત
(૩) ખાતમૂર્હુત (૪) ખાતમુહૂર્ત

4. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) શ્વાસોશ્વાસ (૨) શ્વાશોશ્વાસ
(૩) શ્વોસોસ્વાસ (૪) શ્વાસોચ્છ્વાસ

5. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) પૂર્ણાહૂતિ (૨) પુર્ણાહૂતિ (૩) પૂર્ણાહુતિ (૪) પૂર્ણાહુતી

6. **‘સત્સંગ’ ક્યો સમાસ છે?**
(૧) કર્મધારય (૨) બહુવ્રીહિ (૩) તત્પુરુષ (૪) ઉપપદ

7. **‘આજીવન’ ક્યો સમાસ છે?**
(૧) બહુવ્રીહિ (૨) કર્મધારય
(૩) અવ્યયીભાવ (૪) તત્પુરુષ

8. **‘નદીનાળું’ ક્યો સમાસ છે?**
(૧) દ્વંદ્વ (૨) તત્પુરુષ (૩) કર્મધારય (૪) વૈકલ્પિક દ્વન્દ્વ

9. **‘ઘરજમાઈ’ ક્યો સમાસ છે?**
(૧) મધ્યમપદલોપી (૨) બહુવ્રીહિ (૩) કર્મધારય (૪) ઉપપદ

10. **નીચે પૈકીનું ક્યું ઉપપદ સમાસનું ઉદાહરણ છે?**
(૧) નર્મદા (૨) અગ્રજ (૩) તટસ્થ (૪) બધા જ

11. **‘અચ્છેર’ ક્યો સમાસ છે?**
(૧) દ્વિગુ (૨) ઉપપદ (૩) અવ્યયીભાવ (૪) તત્પુરુષ

12. **નીચે પૈકીનું ક્યું કર્મધારય સમાસનું ઉદાહરણ છે?**
(૧) ઘનશ્યામ (૨) ત્રિભુવન (૩) અનંત (૪) મૃગજળ

13. **ગુજરાતી ભાષાને ‘ગુર્જર ભાષા’ અને ‘અપભ્રંશ ભાષા’ તરીકે ઓળખાવનાર સાહિત્યકાર ............ હતા.**
(૧) પ્રેમાનંદ (૨) નર્મદ (૩) ઉમાશંકર જોષી (૪) ભાલણ

14. **‘ગુજરાતી ભાષા’ એવો સૌપ્રથમ શબ્દ પ્રયોગ કરનાર સાહિત્યકારનું નામ જણાવો.**
(૧) નર્મદ (૨) પ્રેમાનંદ (૩) અખો (૪) હેમચંદ્રાચાર્ય

15. **‘આફા’ અને ‘તીફા’ તળપદા શબ્દો ............ બોલીના છે.**
(૧) સોરઠી (૨) ચરોતરી (૩) સુરતી (૪) કચ્છી

16. **કપ્તાન, મેજ, પિસ્તોલ વગેરે કઈ ભાષાના શબ્દો છે?**
(૧) અંગ્રેજી (૨) પોર્ટુગીઝ (૩) ફારસી (૪) અરબી

17. **નિમણૂક, વાટાઘાટ, નિદાન - આ શબ્દો ......... ભાષાના છે.**
(૧) બંગાળી (૨) તેલુગુ (૩) મરાઠી (૪) ગુજરાતી

18. **‘કાષ્ઠિક’ તત્સમ શબ્દ પરથી બનેલા તદ્ભવ શબ્દને શોધો.**
(૧) કષ્ટ આપનાર (૨) કઠિયારો
(૩) કાષ્ઠમાંથી બનેલું (૪) કઠોર

19. **ગિરા, કર્ણ, ઓઘ - આ શબ્દો માટે નીચેના પૈકીનો ક્યો વિકલ્પ પસંદ કરશો?**
(૧) તત્સમ શબ્દો (૨) તદ્ભવ શબ્દો
(૩) દશ્ય શબ્દો (૪) પરપ્રાંતીય શબ્દો

20. **બંને બાજુ વગાડી શકાય તેવું વાદ્ય - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**
(૧) બૃહિત (૨) મૃદંગ (૩) મૃણાલ (૪) ભૃગુ

21. **ક્યા સિક્કા ‘બોડિયા રાજા’ના સિક્કા કહેવાતા?**
(૧) રાણી વિક્ટોરિયાની છબીવાળા સિક્કા
(૨) એડવર્ડ સાતના સિક્કા
(૩) રાજા જ્યોર્જ પંચમના સિક્કા
(૪) આ પૈકી કોઇ નહીં

22. **“ભારતના દેશી રાજ્યોનો અંત બહુ ઓછા સમયમાં આવવાનો છે.” - આવું કોણે કહ્યું હતું?**
(૧) વોરન હેસ્ટિંગ્સ (૨) કોર્નવોલિસ
(૩) વેલેસ્લી (૪) ડેલહાઉસી

23. **ઇ.સ. ૧૭૬૪માં બંગાળના નવાબ મીર કાસિમ, અવધના નવાબ શુજા-ઉદ-દૌલા, મુઘલ બાદશાહ શાહઆલમ દ્વિતીય અને કાશીના રાજા બલવંતસિંહની સંયુક્ત સેના સામે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ક્યું યુદ્ધ લડ્યું હતું?**
(૧) પ્લાસીનું યુદ્ધ (૨) બક્સરનું યુદ્ધ
(૩) કર્ણાટકનું યુદ્ધ (૪) સિંધનું યુદ્ધ

24. **ભારતીય સનદી સેવામાં આવતા યુવા અધિકારીઓને તાલીમ આપવા માટે ઇ.સ. ૧૮૦૦માં કોલકતામાં ફોર્ટ વિલિયમ કોલેજ શરૂ કોણે કરાવી?**
(૧) ગવર્નર જનરલ વેલેસ્લી
(૨) ગવર્નર જનરલ કોર્નવોલિસ (૩) વિલિયમ બેન્ટિક
(૪) ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સ

25. **ભારતમાં પોલીસતંત્ર શરૂ કરવાનો ફાળો કોને જાય છે?**
(૧) ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સ
(૨) ગવર્નર જનરલ વેલેસ્લી
(૩) ગવર્નર જનરલ કોર્નવોલિસ (૪) વિલિયમ બેન્ટિક

26. **બ્રિટિશ હિંદમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઈ?**
(૧) ઇ.સ. ૧૭૭૧ (૨) ઇ.સ. ૧૭૭૨
(૩) ઇ.સ. ૧૭૭૩ (૪) ઇ.સ. ૧૭૭૪

27. **૧૮૫૭ના વિપ્લવનો પહેલો બનાવ ક્યાં બન્યો હતો?**
(૧) બરાકપુર (૨) મેરઠ (૩) કાનપુર (૪) બરેલી

28. **“૧૮૫૭ના વિપ્લવનો વ્યાપ અને તેનું સંગઠન જોતા તેને માત્ર સિપાઇઓનો બળવો કહી શકાય નહિ, પરંતુ તે વિદેશી સત્તા સામેનો લોકોનો પડકાર હતો.” - આ કોણે કહ્યું હતું?**
(૧) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (૨) સર સૈયદ અહમદ ખાન
(૩) કિશોરીચંદ્ર મિત્ર (૪) સર જ્હૉન લૉરેન્સ

29. **ભારતની પહેલી કોટન મિલ ઇ.સ. ૧૮૧૮માં શરૂ થઈ હતી. ક્યાં?**
(૧) કોલકાતા (૨) મુંબઈ (૩) અમદાવાદ (૪) કાનપુર

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

30. **પ્રેસની સ્વતંત્રતાના મહાન હિમાયતી રાજા રામમોહનરાયે ફારસી ભાષામાં ક્યું સમાચારપત્ર શરૂ કર્યું હતું?**
(૧) સંવાદ કૌમુદી (૨) મિરાત-ઉલ-અખબાર
(૩) જામ-એ-જહાઁ-નુમા (૪) તહઝીબ-ઉલ-અખલાક

31. **રાજા રામમોહનરાયને રાજાની પદવી કોણે આપી હતી?**
(૧) બનારસના નવાબ (૨) મુઘલ બાદશાહ બહાદુરશાહ
(૩) કેશવચંદ્ર સેન (૪) દેવેન્દ્રનાથ ટાગોર

32. **સ્વામી દયાનંદ સરસ્વતીએ ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના ક્યા શહેરમાં કરી હતી?**
(૧) દિલ્હી (૨) મુંબઈ (૩) અમદાવાદ (૪) કોલકતા

33. **“જો કોઇ ભારતને સમજવા ઇચ્છે છે તો તેણે સ્વામી વિવેકાનંદને વાંચવા (સમજવા) જોઇએ.” - આ કોણે કહ્યું હતું?**
(૧) રવીન્દ્રનાથ ટાગોર (૨) સુભાષચંદ્ર બોઝ
(૩) મહાત્મા ગાંધીજી (૪) મહર્ષિ અરવિંદ

34. **“સ્વામી વિવેકાનંદમાં બુદ્ધનું હૃદય અને શંકરાચાર્યની બુદ્ધિ હતી તથા તેઓ આધુનિક ભારતના નિર્માતા હતા.” - આ વિધાન કોણે કર્યું હતું?**
(૧) સુભાષચંદ્ર બોઝ (૨) બી.સી. પાલ
(૩) મહર્ષિ અરવિંદ (૪) નારાયણ ગુરુ

35. **મહર્ષિ અરવિંદે હિંદના આત્માને જાગૃત કરવા ક્યું વર્તમાનપત્ર શરૂ કર્યું હતું?**
(૧) પ્રબુદ્ધ ભારત (૨) વંદે માતરમ્ (૩) કેસરી (૪) હિન્દુ

36. **મહર્ષિ અરવિંદના સહાયક શ્રીમાતાજીનું મૂળ નામ શું હતું?**
(૧) મીરા જેસ્મિન (૨) મીરા આલ્ફાન્સા
(૩) એની આલ્ફાન્સા (૪) જેસી આલ્ફાન્સા

37. **થિયોસોફિકલ સોસાયટીના સ્થાપક મેડમ બ્લેવેટ્સ્કી અને કર્નલ એચ. એસ. આલ્કોટને ભારત આવવા કોણે આમંત્રિત કર્યા હતાં?**
(૧) રાજા રામમોહનરાય (૨) સ્વામી વિવેકાનંદ
(૩) દયાનંદ સરસ્વતી (૪) મહર્ષિ અરવિંદ

38. **ભારતમાં ‘સ્કાઉટ’ અને ‘ગર્લ્સ ગાઇડ’ની પ્રવૃત્તિ કોણે શરૂ કરી હતી?**
(૧) મેડમ બ્લેવેટ્સ્કી (૨) શ્રીમતી એની બેસન્ટ
(૩) કુન્દકુરિ વીરેસલિંગમ્ (૪) મેડમ કામા

39. **અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનને લગતા ગ્રંથોનો ઉર્દૂમાં અનુવાદ કરવા ‘ટ્રાન્સલેશન સોસાયટી ઓફ ઇન્ડિયા’ કોણે સ્થાપી હતી?**
(૧) સર સૈયદ અહમદ ખાન (૨) સૈયદ અહમદ બરેલવી
(૩) શરીઅતુલ્લા (૪) દાદાભાઈ નવરોજી

40. **ક્યા બ્રિટિશ હાકેમે સતીપ્રથાને ગેરકાયદેસર જાહેર કરી હતી?**
(૧) રૉબર્ટ ક્લાઇવ (૨) ડેલહાઉસી
(૩) વિલિયમ બૅન્ટિક (૪) વાઇસરૉય કેનિંગ

41. **કોલકતામાં જેમ્સ ઓગસ્ટસ હિકીએ ‘બેંગાલ ગેઝેટ’ નામનું સર્વપ્રથમ સમાચારપત્ર ક્યારે શરૂ કર્યું?**
(૧) ઇ.સ. ૧૭૭૮ (૨) ઇ.સ. ૧૭૭૯
(૩) ઇ.સ. ૧૭૮૦ (૪) ઇ.સ. ૧૭૮૧

42. **‘ધી મરાઠા’ (અંગ્રેજી) અને ‘કેસરી’ (મરાઠી) જેવા અખબારો શરૂ કરનાર અને જહાલવાદના મુખ્ય પુરસ્કર્તા તરીકે કોણ જાણીતું હતું?**
(૧) લોકમાન્ય ટિળક (૨) ગોપાલકૃષ્ણ ગોખલે
(૩) વીર સાવરકર (૪) વિષ્ણુ ગણેશ પિંગલે

43. **ઇ.સ. ૧૯૦૯ના મોર્લે-મિન્ટો ધારાને “હિંદની વિકાસ પામતી લોકશાહી ભાવનાનું ખૂન કરનારા સુધારા” તરીકે કોણે વર્ણવ્યો હતો?**
(૧) ડૉ. રાસબિહારી ઘોષ (૨) બાળગંગાધર ટિળક
(૩) કનૈયાલાલ મુનશી (૪) લાલા લજપતરાય

44. **ઇ.સ. ૧૯૦૯માં અમદાવાદમાં વાઇસરોય મિન્ટો અને લેડી મિન્ટો પર બૉંબ ઝીંકનારામાં નીચે પૈકી કોણ નહોતું?**
(૧) મોહનલાલ કામેશ્વર પંડ્યા (૨) પૂંજાભાઈ વકીલ
(૩) વસંતરાવ વ્યાસ (૪) મગનલાલ વખતચંદ

45. **ઇ.સ. ૧૯૦૫માં લંડનમાં ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કોણે કરી હતી?**
(૧) શ્યામજી કૃષ્ણ વર્મા (૨) સરદારસિંહ રાણા
(૩) મેડમ ભિખાઇજી કામા (૪) બારીન્દ્ર ઘોષ

46. **સાયમન કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસના લાઠીમારથી કોનું અવસાન થયું હતું?**
(૧) બાળગંગાધર ટિળક (૨) ગોપાળકૃષ્ણ ગોખલે
(૩) લાલા લજપતરાય (૪) બિપિનચંદ્ર પાલ

47. **“સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે” - આ સૂત્ર કોણે આપ્યું?**
(૧) લાલા લજપતરાય (૨) બાળગંગાધર ટિળક
(૩) બિપિનચંદ્ર પાલ (૪) ગોપાળકૃષ્ણ ગોખલે

48. **નીચે પૈકીના કોણ મવાળવાદી નેતા હતાં?**
(૧) બિપિનચંદ્ર પાલ (૨) લાલા લજપતરાય
(૩) ગોપાળકૃષ્ણ ગોખલે (૪) બાળગંગાધર ટિળક

49. **ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં નીચે પૈકીના ક્યા સમયગાળાને ગાંધીયુગ કહેવાય છે?**
(૧) ઇ.સ. ૧૮૬૯ થી ઇ.સ. ૧૯૪૭
(૨) ઇ.સ. ૧૯૩૨ થી ઇ.સ. ૧૯૪૭
(૩) ઇ.સ. ૧૯૦૦ થી ઇ.સ. ૧૯૪૭
(૪) ઇ.સ. ૧૯૧૯ થી ઇ.સ. ૧૯૪૭

50. **ક્રિપ્સ દરખાસ્તોને ‘વિતિ ગયેલી તારીખનો (પોસ્ટડેટેડ) ચેક’ કોણે કહી હતી?**
(૧) સરદાર પટેલ (૨) ભગતસિંહ
(૩) ખાન અબ્દુલ ગફાર ખાન (૪) મહાત્મા ગાંધી

**જવાબો :**

**(૧) ૩ (૨) ૩ (૩) ૪ (૪) ૪ (૫) ૩ (૬) ૧ (૭) ૩ (૮) ૪ (૯) ૧ (૧૦) ૪ (૧૧) ૧ (૧૨) ૧ (૧૩) ૪ (૧૪) ૨ (૧૫) ૩ (૧૬) ૨ (૧૭) ૩ (૧૮) ૨ (૧૯) ૧ (૨૦) ૧ (૨૧) ૨ (૨૨) ૪ (૨૩) ૨ (૨૪) ૧ (૨૫) ૩ (૨૬) ૩ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૨ (૩૨) ૨ (૩૩) ૧ (૩૪) ૧ (૩૫) ૨ (૩૬) ૨ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૩ (૪૧) ૩ (૪૨) ૧ (૪૩) ૩ (૪૪) ૪ (૪૫) ૧ (૪૬) ૩ (૪૭) ૨ (૪૮) ૩ (૪૯) ૪ (૫૦) ૪**

# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : હું પ્રાથમિક શિક્ષક તરીકેની કારકિર્દી બનાવવા માગું છુ, મને D.EL. Ed.ના અભ્યાસક્રમની માહિતી આપશો.**

**- હર્ષ આઈ. પરમાર**

કોઈપણ પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ કર્યા પછી D. EL. Ed. (ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજ્યુકેશન) માં એડમિશન મળી શકે છે. બે વર્ષની મુદતનો આ કોર્સ છે.

NCTE દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી / બિનસરકારી અનુદાનિત તેમજ સ્વ-નિર્ભર અધ્યાપન મંદિરો અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનોમાં કેન્દ્રીયકૃત પ્રવેશ યોજના હેઠળ વિદ્યાર્થીઓ D. EL. Ed. પ્રવેશ મેળવી શકે છે.

- **પ્રવેશ માટે જરૂરી લાયકાતઃ-**

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉત્તર બુનિયાદી પ્રવાહમાં પ્રાયોગિક વિષય સહિતના કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ % ગુણ સાથે ઉત્તિર્ણ કરેલ હોવી જોઈએ.

- **પ્રવેશ માટે લઘુત્તમ ગુણઃ-**

ઉમેદવારે નિયત કરેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ % ગુણ મેળવેલા હોવા જોઈએ પરંતુ અનામત કક્ષાના ઉમેદવારોએ ઓછામાં ઓછા ૪૫ % ગુણ મેળવેલ હોવા જોઈએ.

- **પ્રવેશનું માધ્યમઃ-**

ઉમેદવારે જે માધ્યમમાં ધોરણ-૧૦ ની અને ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરેલ હશે તે જ માધ્યમની કોલેજમાં પ્રવેશને પાત્ર રહેશે.

- **વયમર્યાદાઃ -**

જાહેરાતના ધારા ધોરણ પ્રમાણે.

શિક્ષણ વિભાગના તા.૧૯/૮/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ મુજબ તમામ પ્રકારના દિવ્યાંગ ઉમેદવારો માટે ૫ % અનામત મળવાપાત્ર થશે.

રાજ્યમાં આવેલ NCTE માન્યતા પ્રાપ્ત તમામ સંસ્થાઓને તથા ઉમેદવારોને પ્રવેશ સંબંધી જરૂરી સુચનાઓ યથાપ્રસંગે વેબસાઈટ પર મૂકવામાં આવશે. તે વખતોવખત જોવા વિનંતી કરવામાં આવે છે.

- **સંપર્કઃ-**

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.

**Website : http://deled.orpgujarat.org**
**gujarat.education.gov.in**

---

**પ્રશ્ન : મને નાયબ સેક્શન અધિકારી સચિવાલય વર્ગ-૩ની ભરતી/ પરીક્ષા અંગે માહિતી આપશો.**

**- સબિયા એસ. ઘાંચી**

ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો હસ્તકની નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવે છે.

- **વયમર્યાદા :**

સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૨૦ વર્ષથી ઓછી નહિં અને ૩૫ વર્ષ પૂરા કરેલા ન હોવા જોઈએ. ઉમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

- **શૈક્ષણિક લાયકાત :**

ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ, ૧૯૫૬ના સેક્શન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થઈ હોય તેવી શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

ગુ.મુ.સે. વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો- ૧૯૬૭-૮(૧ એ)ની જોગવાઈ મુજબ કમ્પ્યૂટર ઍપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. સંબંધિત જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલા કમ્પ્યૂટર ઍપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૦૮-૨૦૦૮ના ઠરાવ ક્રમાં. સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ સાથેના પત્રક-૧માં દર્શાલ અભ્યાસક્રમને કમ્પ્યૂટરના બેઝિક નોલેજ તરીકે જાહેર કરાયેલા છે. આ અભ્યાસક્રમ મુજબનું કમ્પ્યૂટર વિષયની જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિવર્સિટી અથવા સરકાર માન્ય સંસ્થામાં કમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા, ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલો હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડિપ્લોમા કે ડિગ્રી અભ્યાસક્રમમાં કમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા કમ્પ્યૂટર વિષય સાથે પાસ કરેલી હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે. આ પ્રકારની લાયકાત ન ધરાવતા ઉમેદવારો નિમણૂકને પાત્ર બનશે નહિં.

ઉમેદવાર ગુજરાતી અને/ અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પૂરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમિસ્ટર/ વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયા છે અથવા થવાના છે પરંતુ જેનું પરિણામ પ્રસિદ્ધ થયું ન હોય તેવા ઉમેદવારો પ્રિલિમનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલી શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.

- **પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :**

આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

**સ્ક્રીનિંગ ટેસ્ટ** (પ્રાથમિક કસોટી)નું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર ૨૦૦ ગુણ અને ૨ કલાકના સમય માટે રહેશે.

અંધ ઉમેદવારોને પ્રિલિમનરી અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપરદીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય આપવામાં આવશે જેની મંજૂરી પરીક્ષા અગાઉ આયોગ પાસેથી લેવાની રહેશે.

- **મુખ્ય લેખિત પરીક્ષાના અભ્યાસક્રમમાં કુલ ૪ પેપર રહેશે.**

| ક્રમ | વિષય | કુલ ગુણ |
|---|---|---|
| પ્રશ્નપત્ર ૧ | ગુજરાતી ભાષા (ઈન્ટરમિડિયેટ કક્ષા) | ૧૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર ૨ | અંગ્રેજી ભાષા (ઈન્ટરમિડિયેટ કક્ષા) | ૧૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર ૩ | સામાન્ય અભ્યાસ ૧ (સ્નાતક કક્ષા) | ૧૦૦ ગુણ |
| પ્રશ્નપત્ર ૪ | સામાન્ય અભ્યાસ ૨ (સ્નાતક કક્ષા) | ૧૦૦ ગુણ |

- પેપર-૧ અને પેપર-૨ના પ્રશ્નપત્રનું સ્તર ધો. ૧૨ ઉચ્ચતર કક્ષાનું રહેશે.
- પેપર-૩ અને પેપર-૪ના પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું રહેશે.
- પ્રત્યેક પેપર દીઠ સમય ૩ કલાકનો રહેશે.
- સ્ક્રીનિંગ ટેસ્ટમાં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઈઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા ભરતી નિયમ, ભરતી પરીક્ષા નિયમ તથા જાહેરાતની જોગવાઈ મુજબની શૈક્ષણિક લાયકાત, વય વગેરે સંતોષતા હશે તેવા જાહેરાતમાં દર્શાવેલી જગ્યાના કેટેગરી વાઈઝ આશરે છ ગણા ઉમેદવારોને લેખિત મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.
- સ્ક્રીનિંગ ટેસ્ટમાં ઉમેદવારોને કમ્પ્યૂટરાઈઝ્ડ O.M.R. શીટ આપવામાં આવશે.
- પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી હશે.
- નેગેટિવ માર્કિંગ લાગુ પડશે.
- 'Not attempted' વિકલ્પ પસંદ કરવાન કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહિં.
- પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. સિવાય કે મુખ્ય લેખિત પરીક્ષાના પેપર-૨ (અંગ્રેજી) નું માધ્યમ બધા ઉમેદવાર માટે અંગ્રેજી રહેશે.
- સ્ક્રીનિંગ ટેસ્ટ (પ્રાથમિક કસોટી)માં મેળવેલા ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવતા નથી. આખરી પરિણામ માત્ર મુખ્ય લેખિત પરીક્ષાને આધારે નિયત કરવામાં આવશે.

**સરનામું :**

**ગુજરાત જાહેર સેવા આયોગ**
સેક્ટર ૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ,
ગાંધીનગર, ૩૮૨૦૧૦.
વેબસાઈટ : https://gpsc.gujarat.gov.in/

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧

# ગુજરાત જાહેર સેવા આયોગ

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા યોજાનાર છે.આ જગ્યાઓની પ્રાથમિક/લઘુલિપિ અને ટાઈપીંગ/મુખ્ય લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (૩) | પ્રાથમિક/લઘુલિપિ અને ટાઈપીંગ/મુખ્ય લેખિત કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તા. (૫) |
|---|---|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી), વર્ગ-૨ | ૧૧૦/૨૦૧૯-૨૦ | ૦૩/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૧/૧૨/૨૦૨૦ |
| ૨ | આસીસ્ટન્ટ મેનેજર (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ), વર્ગ-૨ (GMDC) | ૧૩૭/૨૦૧૯-૨૦ | ૦૯/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૩ | સહ-પ્રાધ્યાપક, ગેસ્ટ્રો એન્ટ્રોલોજી, વર્ગ-૧ | ૭૯/૨૦૧૯-૨૦ | ૦૯/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૪ | સહ-પ્રાધ્યાપક, બાયોકેમેસ્ટ્રી, વર્ગ-૧ | ૮૧/૨૦૧૯-૨૦ | ૦૯/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૫ | મદદ.-પ્રાધ્યાપક, જનરલ સર્જરી, વર્ગ-૧ (ખાસ ભરતી) | ૮૪/૨૦૧૯-૨૦ | ૦૯/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૬ | મદદ.-પ્રાધ્યાપક, રેડિયોથેરાપી, વર્ગ-૧ | ૮૬/૨૦૧૯-૨૦ | ૦૯/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૭ | મદદ.-પ્રાધ્યાપક, ઓટોરાઇનોલેરિંગોલોજી, વર્ગ-૧ | ૮૮/૨૦૧૯-૨૦ | ૦૯/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૮ | મદદ.-પ્રાધ્યાપક, ઓપ્થલ્મોલોજી, વર્ગ-૧ | ૮૯/૨૦૧૯-૨૦ | ૦૯/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૯ | આસીસ્ટન્ટ મેનેજર (ફાયર એન્ડ સેફ્ટી), વર્ગ-૨ (GMDC) | ૧૪૦/૨૦૧૯-૨૦ | ૧૦/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૧૦ | પ્રોગ્રામર (સહાયક), વર્ગ-૩ (GMDC) | ૧૪૩/૨૦૧૯-૨૦ | ૧૦/૦૧/૨૧-૧૧:00 થી ૫:00 | ૩૦/૧૨/૨૦૨૦ |
| ૧૧ | હિન્દી પ્રતિવેદક, ગ્રેડ-૨ | ૧૧૦/૨૦૧૮-૧૯ | ૧૦/૦૧/૨૦૨૧ | ૦૧/૦૧/૨૦૨૧ |
| ૧૨ | મદદ.-પ્રાધ્યાપક, ટી.બી.&ચેસ્ટ ડીસીઝીસ, વર્ગ-૧ | ૮૫/૨૦૧૯-૨૦ | ૧૦/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૩૧/૧૨/૨૦૨૦ |
| ૧૩ | નેત્ર સર્જન, વર્ગ-૧ | ૧૧૮/૨૦૧૯-૨૦ | ૧૦/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૧/૦૧/૨૦૨૧ |
| ૧૪ | જનરલ મેનેજર (બીઝનેસ ડેવલોપમેન્ટ સેલ), વર્ગ-૧ (GMDC) | ૧૩૨/૨૦૧૯-૨૦ | ૧૬/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૫/૦૧/૨૦૨૧ |
| ૧૫ | મદદ.-પ્રાધ્યાપક,ઓર્થોપેડીકસ , વર્ગ-૧ | ૯૧/૨૦૧૯-૨૦ | ૧૬/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૬/૦૧/૨૦૨૧ |
| ૧૬ | મદદ.-પ્રાધ્યાપક, એનેસ્થેશીયોલોજી, વર્ગ-૧ | ૯૮/૨૦૧૯-૨૦ | ૧૬/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૬/૦૧/૨૦૨૧ |
| ૧૭ | મદદ.-પ્રાધ્યાપક, ફોરેન્સિક મેડીસીન, વર્ગ-૧ | ૧૦૦/૨૦૧૯-૨૦ | ૧૬/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૬/૦૧/૨૦૨૧ |
| ૧૮ | મદદ.-પ્રાધ્યાપક, રેડિયો ડાયગ્નોસીસ, વર્ગ-૧ | ૮૭/૨૦૧૯-૨૦ | ૧૭/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૭/૦૧/૨૦૨૧ |
| ૧૯ | મદદ.-પ્રાધ્યાપક, પેડીયાટ્રીક્સ, વર્ગ-૧ (ખાસ ભરતી) | ૯૨/૨૦૧૯-૨૦ | ૧૭/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૭/૦૧/૨૦૨૧ |
| ૨૦ | મદદ.-પ્રાધ્યાપક, ફીજીયોલોજી, વર્ગ-૧ (ખાસ ભરતી) | ૯૪/૨૦૧૯-૨૦ | ૧૭/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૭/૦૧/૨૦૨૧ |
| ૨૧ | મદદ.-પ્રાધ્યાપક, માઇક્રોબાયોલોજી, વર્ગ-૧ (ખાસ ભરતી) | ૯૬/૨૦૧૯-૨૦ | ૧૭/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૭/૦૧/૨૦૨૧ |
| ૨૨ | અંગ્રેજી, પ્રતિવેદક, ગ્રેડ-૨ | ૧૦૯/૨૦૧૮-૧૯ | ૧૭/૦૧/૨૦૨૧ | ૦૭/૦૧/૨૦૨૧ |
| ૨૩ | ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ | ૧૨૫/૨૦૧૯-૨૦ | ૨૪/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૮/૦૧/૨૦૨૧ |
| ૨૪ | નાયબ સેકશન અધિકારી/નાયબ મામલતદાર,વર્ગ-૩ | ૨૦/૨૦૧૯-૨૦ | ૨૪, ૩૧, જાન્યુ.-૨૦૨૧ | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૨૫ | મદદ.-પ્રાધ્યાપક, પેડીયાટ્રીક્સ, વર્ગ-૧ (સામાન્ય ભરતી) | ૯૩/૨૦૧૯-૨૦ | ૨૩/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૨૬ | મદદ.-પ્રાધ્યાપક, માઇક્રોબાયોલોજી,વર્ગ-૧ (સામાન્ય ભરતી) | ૯૭/૨૦૧૯-૨૦ | ૨૩/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૨૭ | મદદ.-પ્રાધ્યાપક, ફાર્માકોલોજી, વર્ગ-૧ | ૧૦૧/૨૦૧૯-૨૦ | ૨૩/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૨૮ | મદદ-પ્રાધ્યાપક, ફીજીયોલોજી, વર્ગ-૧ (સામાન્ય ભરતી) | ૯૫/૨૦૧૯-૨૦ | ૨૪/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૨૯ | મદદ.-પ્રાધ્યાપક, એનેટોમી, વર્ગ-૧ | ૯૯/૨૦૧૯-૨૦ | ૨૪/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૩૦ | ડેપ્યુટી જનરલ મેનેજર[માઇન્સ] (1st Cl.મેટલ),વર્ગ-૧ (GMDC) | ૧૩૩/૨૦૧૯-૨૦ | ૨૩/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૩૧ | ડેપ્યુટી જનરલ મેનેજર (લીગલ), વર્ગ-૧ (GMDC) | ૧૩૫/૨૦૧૯-૨૦ | ૨૪/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૩૨ | આસીસ્ટન્ટ મેનેજર (સર્વે), વર્ગ-૨ (GMDC) | ૧૪૨/૨૦૧૯-૨૦ | ૨૩/૦૧/૨૧-૧૧:00 થી ૨:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૩૩ | જુનિયર પ્રોગ્રામર (સહાયક), વર્ગ-૩ (GMDC) | ૧૪૪/૨૦૧૯-૨૦ | ૨૩/૦૧/૨૧-૧૧:00 થી ૫:00 | ૧૨/૦૧/૨૦૨૧ |
| ૩૪ | મદદ.-પ્રાધ્યાપક, કોમ્યુનિટી મેડીસીન, વર્ગ-૧ | ૧૦૨/૨૦૧૯-૨૦ | ૦૬/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૭/૦૧/૨૦૨૧ |
| ૩૫ | મદદ.-પ્રાધ્યાપક, ન્યુરોસર્જરી, વર્ગ-૧ | ૧૦૪/૨૦૧૯-૨૦ | ૦૬/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૭/૦૧/૨૦૨૧ |
| ૩૬ | મદદ.-પ્રાધ્યાપક, કાર્ડીયોલોજી , વર્ગ-૧ | ૧૦૫/૨૦૧૯-૨૦ | ૦૬/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૭/૦૧/૨૦૨૧ |
| ૩૭ | મદદ.-પ્રાધ્યાપક, બર્ન્સ & પ્લાસ્ટિક સર્જરી, વર્ગ-૧ | ૧૦૬/૨૦૧૯-૨૦ | ૦૬/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૭/૦૧/૨૦૨૧ |
| ૩૮ | કેમીસ્ટ વર્ગ-૧, ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૨૬/૨૦૧૯-૨૦ | ૦૬/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૭/૦૧/૨૦૨૧ |
| ૩૯ | મદદ.-પ્રાધ્યાપક, મેડીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી , વર્ગ-૧ | ૧૦૭/૨૦૧૯-૨૦ | ૦૭/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૮/૦૧/૨૦૨૧ |
| ૪૦ | મદદ.-પ્રાધ્યાપક, પ્રોસ્થોડોન્ટીક એન્ડ ક્રાઉન બ્રીજ, વર્ગ-૧ | ૧૨૭/૨૦૧૯-૨૦ | ૦૭/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૮/૦૧/૨૦૨૧ |
| ૪૧ | નાયબ પશુપાલન નિયામક, વર્ગ-૧ | ૧૧૧/૨૦૧૯-૨૦ | ૦૭/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૮/૦૧/૨૦૨૧ |
| ૪૨ | વ્યાખ્યાતા (સિનિયર સ્કેલ), ગુજરાત નર્સિંગ સેવા, વર્ગ-૧ | ૧૧૪/૨૦૧૯-૨૦ | ૦૭/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૮/૦૧/૨૦૨૧ |
| ૪૩ | ડેપ્યુટી જનરલ મેનેજર[માઇન્સ] (1st Cl.કોલ), વર્ગ-૧ (GMDC) | ૧૩૪/૨૦૧૯-૨૦ | ૦૭/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૨૮/૦૧/૨૦૨૧ |
| ૪૪ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૧૨૮/૨૦૧૯-૨૦ | ૦૭/૦૨/૨૧-૧૧:00 થી ૪:00 | ૨૮/૦૧/૨૦૨૧ |
| ૪૫ | સિક્યુરીટી ઓફિસર, વર્ગ-૨ (GMDC) | ૩૬/૨૦૨૦-૨૧ | ૧૪/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૩/૦૨/૨૦૨૧ |
| ૪૬ | મદદ.-પ્રાધ્યાપક, જનરલ મેડીસીન, વર્ગ-૧ | ૯૦/૨૦૧૯-૨૦ | ૧૪/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૪/૦૨/૨૦૨૧ |
| ૪૭ | મદદ.-પ્રાધ્યાપક, બાયોકેમેસ્ટ્રી , વર્ગ-૧ | ૧૦૩/૨૦૧૯-૨૦ | ૧૪/૦૨/૨૧-૧૧:00 થી ૨:00 | ૦૪/૦૨/૨૦૨૧ |
| ૪૮ | ગુ.વ.સે.,વર્ગ-૧,ગુ.મુ.સે.,વર્ગ-૧/૨ અને ગુ.ન.મુ.અ.સે.વર્ગ-૨ | ૧૦/૨૦૧૯-૨૦ | ૧૪, ૨૧, ૨૮ ફેબ્રુ.-૨૦૨૧ | ૦૪/૦૨/૨૦૨૧ |
| ૪૯ | માઇન સીરદાર, (સહાયક), વર્ગ-૩ (GMDC) | ૧૪૫/૨૦૧૯-૨૦ | ૨૧/૦૨/૨૧-૧૧:00 થી ૫:00 | ૧૦/૦૨/૨૦૨૧ |
| ૫૦ | હાઇડ્રોલોજીસ્ટ, વર્ગ-૨ (GWSSB) | ૪૩/૨૦૨૦-૨૧ | ૨૧/૦૨/૨૧-૧૦:00 થી ૫:00 | ૧૦/૦૨/૨૦૨૧ |

નોંધ: (૧) ઉપરોકત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક ૧૦૯ અને ૧૧૦/૨૦૧૮-૧૯ની લઘુલિપિ અને ટાઈપીંગ કસોટી લેવામાં આવશે, આ બન્ને પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ પ્રવેશપત્રમાં આપવામાં આવશે.જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૧૯-૨૦અને૨૦/૨૦૧૯-૨૦નીમુખ્યલેખિતપરીક્ષાઓછે. જાહેરાતક્રમાંક ૧૧૦, ૧૧૧, ૧૨૫, ૧૨૮, ૧૩૭, ૧૪૩,૧૪૪/૨૦૧૯-૨૦, ૩૬/૨૦૨૦-૨૧ અને ૪૩/૨૦૨૦-૨૧OMR પધ્ધતિથી લેવાશે તે સિવાય તમામ જાહેરાતો Computer Based Recruitment Test (CBRT) પધ્ધતિથી લેવામાં આવશે, CBRT બાબતે અદ્યતન જરૂરી સૂચનાઓ/માહિતી આયોગની વેબસાઈટ પરથી મેળવવાની રહેશે. CBRT પધ્ધતિથી લેવાતી પ્રાથમિક કસોટીઓ માટે ઉમેદવારોએ પરીક્ષાનાં દિવસે પરીક્ષા ખંડમાં પરીક્ષાનાં નિયત સમયથી એક કલાક પહેલા અચૂક હાજર થવાનું રહેશે. (૨) ઉકત જાહેરાતોનાં તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ-પમાં દર્શાવેલ તારીખે બપોરના ૧૩:૦૦ કલાકથી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "Online" ડાઉનલોડ કરવાના રહેશે. તે સિવાય જા.ક્ર.૧૦૯/૨૦૧૮-૧૯, ૧૧૦/૨૦૧૮-૧૯, ૧૦/૨૦૧૯-૨૦, ૨૦/૨૦૧૯-૨૦,૧૧૦/૨૦૧૯-૨૦, ૧૨૮/૨૦૧૯-૨૦,૧૪૩/૨૦૧૯-૨૦, ૧૪૪/૨૦૧૯-૨૦, ૧૪૫/૨૦૧૯-૨૦ અને ૪૩/૨૦૨૦-૨૧ની પરીક્ષાઓ માટે સંબંધિત ઉમેદવારોએ ફક્ત પ્રવેશપત્ર અને ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) જ ડાઉનલોડ કરવાનું રહે છે જે પરીક્ષાખંડમાં સાથે રાખવાનું રહેશે અને પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવારોએ પરત લઈ જવાનું રહેશે. (૩) પ્રવેશપત્ર "Online" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબત બક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) https://gpsc-ojas.gujarat.gov.in પર જવું. (૨)"Call Letter/Form" >> "Preliminary Call Letter / Main Exam Call Letter / Form" પર"Click" કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની" Job Select" કરવી તથા "Confirmation Number" અને "Birth Date" ટાઈપ કરવાના રહેશે. (૪) હવે "Print Call Letter" પર "Click" કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર "Click" કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરી પત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરી પત્રક પરીક્ષાખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરી પત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

ખાસનોંધ:-પોસ્ટ ઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.inમાં ->FEES MODULEમાં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માંજઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ ૫૦૦ ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ આપનાં રૂપીયા ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નિકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાંઅરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found"નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજીક્રમની વિગત મોકલવી.

# ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર(GBRC)માં સાયન્ટિસ્ટ-બીની ભરતી

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ગુજરાત સરકાર હસ્તકની ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરની (GBRC)નીચે દર્શાવેલ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે તા. ૨૦/૧૨/૨૦૨૦થી તા.૧૦/૦૧/૨૦૨૧ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. છેલ્લી તારીખ બાદ મળેલ અરજી માન્ય રાખવામાં આવશે નહી.અરજી અને પસંદગીની પ્રક્રિયા નીચે દર્શાવેલ છે.

**જીબીઆરસીની સંવર્ગવાર જગ્યાઓ:**

| Name of position | Total Post | Category wise Posts | | | | | Out of Category wise posts reserved for women | | | | | Post reserved for Physically Disabled and Ex-Servicemen out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | E.W.S. | S.&E.B.C. | S.C. | S.T. | Gen. | E.W.S. | S.&E.B.C. | S.C. | S.T. | Phy.Dis. | Ex-Ser. |
| Scientist-B (Group-I)* | 10 | 2 | 1 | 4 | 1 | 2 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 |

*Positions to be filled preferably in various subjects - Animal Biotechnology, Plant Biotechnology, Medical Biotechnology, Industrial/Microbial Biotechnology, Marine Biotechnology, Computational Biology / Bioinformatics, Environmental Biotechnology.

Above positions are to be filled in various specialization of biotechnology and vacancy distribution for the same is produced in the table below and qualification criteria of the same is provided at para 4(1) below. This distribution will be across all categories from the total number of posts:

| Preferable specialization area | No. of post |
|---|---|
| Animal Biotechnology | 2 |
| Plant Biotechnology | 2 |
| Computational Biotechnology / Bioinformatics | 2 |
| Marine Biotechnology | 2 |
| Medical Biotechnology / Healthcare | 1 |
| Environmental Biotechnology | 1 |
| Total | 10 |

ખાસ નોંધ: ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હકક જીબીઆરસીનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

● **નાગરિકત્વ:** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ઘરાવતા હોવા જોઈએ.

● **ઉંમર અને તેમાં છૂટછાટ:**

(૧) અરજી કરવાની છેલ્લી તારીખ: ૧૦/૦૧/૨૦૨૧ ના રોજ ઉમેદવારે ૧૮(અઢાર) વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ અને ઉપલી વયમર્યાદા પૂરી કરેલ ન હોવી જોઈએ. ઉપલી વયમર્યાદા ટેબલ ૪(૧)માં દર્શાવેલ છે.

(૨) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૩)(૧)મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ, સા.અનેશૈ.પ. વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના પુરુષ ઉમેદવાર-પાંચ વર્ષ

(૩)(૨) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ. જનજાતિ, સા.અનેશૈ.પ. વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવર-પાંચ વર્ષ આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઈ ગયેલ છે. વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળવા પાત્ર છે. જેથી મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ. જનજાતિ, સા.અનેશૈ.પ. અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવાર-કુલ વધુમાં વધુ પાંચ વર્ષની છૂટ મળવાપત્ર રહેશે.

(૧) જીબીઆરસીની વૈજ્ઞાનિક-બી(ગ્રુપ-૧)ની જગ્યાઓની લાયકાત માટે : જૂઓ વેબસાઈટ **https://gbrc.gujarat.gov.in/**

● **સામાન્ય શરતો:**

(૧) ભરતી પ્રક્રિયા અંગેની તમામ કાર્યવાહી જીબીઆરસી દ્વારા અને જરૂર જણાય ત્યાં ચેરમેનશ્રી, પસંદગી સમિતિની મંજૂરીથી હાથ ઘરવાની રહેશે. સમગ્ર ભરતી પ્રક્રિયા દરમિયાન કોઇ વિશેષ મુદો ઉપસ્થિત થશે તો તે બાબતે ચેરમેનશ્રી, પસંદગી સમિતિ અને સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો નિર્ણય આખરી રહેશે.

(૨) અરજીકર્યાબાદપરતખેંચીશકાશેનહિ કે તેમાં ફેરફાર કરી શકાશે નહી.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ગુણ (Qualifing Marks) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

(૪) ગુજરાત સરકારના કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે અને જાણ કરેલ હોવાનો પુરાવો જીબીઆરસી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

(૫) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો જીબીઆરસીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૬) આ જાહેરાતમાં ઉમેદવારે આપેલ માહિતીના આધારે પ્રાથમિક ચકાસણી બાદ જ ઉમેદવારને લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે. જેમાં ઉમેદવારની શૈક્ષણિક લાયકાત જેમકે અનુસ્નાતક તેમજ Ph.D.ના વિષય તથા અનુસ્નાતક કક્ષામાં મેળવેલ ગુણની ચકાસણી કરવામાં આવશે. (ઓનલાઈન અરજીમાં ઉમેદવાર દ્વારાજણાવ્યા મુજબ જ ગણવામાં આવશે. અગર આ માહિતી પછીના સ્ટેજપર ખોટી માલૂમ પડશે તો ઉમેદવારની માન્યતા રદ થવા પાત્ર ઠરશે.). નોંધ- અહી પ્રાથમિક ચકાસણીનો મતલબ અરજીને સાચી છે તેમ માનીને થાય છે. ઉમેદવારની સાચી ખરાઈ અસલ પ્રમાણપત્રોની ચકાસણીબાદ જ ગણાશે.

● **અરજી ફી :**

(૧). અત્રેની જાહેરાતમાં દરેક સામાન્ય વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ તેમજ સા.અનેશૈ.પ. વર્ગના ઉમેદવારે અરજી દીઠ રૂા ૨૫૦/- ફી ચૂકવવાની રહેશે તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિતજનજાતિ વર્ગના દરેક ઉમેદવારોએ અરજી દીઠ રૂ. ૧૦૦/- ચુકવવાની રહેશે. આ જાહેરાત અનુસંધાને અગર કોઈ ઉમેદવાર દ્વારા ફી ચૂકવેલ નહીં હોય અથવા ઉક્ત દર્શાવેલ ફી કરતાં ઓછી ફી ભરેલ હશે તો તેઓની અરજી રદ થવા પાત્ર ઠરશે.

● **Online અરજી કરવાની રીત:-**

આ જાહેરાત સંદર્ભમાં જીબીઆરસી દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તારીખ ૨૦/૧૨/૨૦૨૦થી તારીખ ૧૦/૦૧/૨૦૨૧ સુધીમાં https://apply.gbrc.org.in પર ઓનલાઇન અરજી ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના(૧)થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

(૧) ઉમેદવારે અરજી શરૂ કરતાં પહેલા નીચે મુજબની ફાઇલ્સ તૈયારી રાખવી હિતાવહ છે

| વિગત | ફૉર્મેટ/માહિતી |
|---|---|
| Passport Photograph | JPEG/JPG (Max. 15KB) |
| Signature | JPEG/JPG(Max. 15KB) |
| Master's Final year marksheet | JPEG/JPG (Max. 250KB) |
| Master's Degree certificate | JPEG/JPG (Max. 250KB) |
| Ph.D.Declaration/Notification certificate | JPEG/JPG (Max. 250KB) |
| Ph.D. Degree certificate | JPEG/JPG (Max. 250KB) |
| CV or Resume | PDF (Max. 250KB) |
| Caste Certificate (if applicable) | JPEG/JPG (Max. 250KB) |
| Non-creamylayer certificate (if applicable) | JPEG/JPG (Max. 250KB) |
| EWS certificate (if applicable) | JPEG/JPG (Max. 250KB) |

● **પરીક્ષામાં પ્રવેશ :**

(૧) અરજી કરનાર દરેક બિન અનામત વર્ગના ઉમેદવારનેતથા તમામ અનામત વર્ગના ઉમેદવારને અરજીની પ્રાથમિક ચકાસણી બાદ જ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

(૨) ઉમેદવારે પસંદ કરેલ વિષયમાં અગર યોગ્યતા પ્રાપ્ય હશે તો જ, જે-તે વિષયની પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(૩) જેઉમેદવારોWritten Testના પરિણામમાં લાયકી ગુણ (qualifying marks) મેળવેલ હશે તેઓએ સંયુકત પસંદગી સમિતિ દ્વારા ઠરાવ્યા મુજબના પ્રમાણપત્રો જીબીઆરસીની કચેરીને મોકલી આપવાના રહેશે અથવા જો જણાવવામાં આવે તો અસલ પ્રમાણપત્ર અને તેની નિયત કરેલ નકલો સાથે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

(૪) પ્રમાણપત્રોની ચકાસણી બાદ જ મૌખિક કસોટીમાં પ્રવેશ અંગે પસંદગી સમિતિ નિર્ણય લેશે જે આખરી ગણાશે.

● **પસંદગીની પ્રક્રિયા:-**

જાહેરાતની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર તમામ ઉમેદવારે Written Test બાદ ઉમેદવારે મૌખિક કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરંતુ પસંદગી સમિતિને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે.

● **Written Test: Preliminary &MainTest (લેખિત કસોટી: પ્રાથમિક કસોટી અને મુખ્ય કસોટી)**

(૧) આ જાહેરાત અંતર્ગત દરેક વિષયવાર કુલ બે પરીક્ષા યોજવામાં આવશે જેમાં બંને પરીક્ષાઓ એકસાથે યોજવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ માટે સૌ પ્રથમ પ્રાથમિક કસોટી (Preliminary Test)ત્યાર બાદ મુખ્ય કસોટી (MainTest) યોજવામાં આવશે.

(૨) Written Test કુલ બે ભાગમાં વહેચવામાં આવેલ છે જેમાં પ્રાથમિક કસોટી (Prelims Test)તથા મુખ્ય કસોટી (MainTest) એમ કુલ બે પેપર રહેશે. પેપર-૨ વિષય પ્રમાણે અલગ-અલગ લેવામાં આવશે જેની ઉમેદવારે અરજીમાં પસંદગી કર્યા બાદ તેની લાયકાત મુજબ જ પ્રવેશ આપવામાં આવશે.

(૩) Written Test કુલ ૩૦૦ માર્કસની, ૩૦૦ પ્રશ્નોની અને MCQ પ્રકારની રહેશે અને ઓનલાઇન અથવા OMR based લેવામાં આવશે

**પ્રાથમિક કસોટીનું માળખું નીચે મુજબ રહેશે.**

| ક્રમ | કસોટી | અભ્યાસ ક્રમ | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક કસોટી (Prelims Test)(સામાન્ય જ્ઞાન + સામાન્ય વિજ્ઞાન) | Annexure-VII | ૧૦૦ | ૧ કલાક |

**મુખ્ય કસોટીનું માળખું નીચે મુજબ રહેશે:**

| ક્રમ | કસોટી | અભ્યાસ ક્રમ | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Animal Biotechnology) | Annexure-VIII | ૨૦૦ | ૨ કલાક |
| ૨ | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Plant Biotechnology) | Annexure-IX | ૨૦૦ | ૨ કલાક |
| ૩ | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Medical Biotechnology) | Annexure-X | ૨૦૦ | ૨ કલાક |
| ૪ | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Marine Biotechnology) | Annexure-XI | ૨૦૦ | ૨ કલાક |
| ૫ | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Computational Biotechnology/ Bioinformatics) | Annexure-XII | ૨૦૦ | ૨ કલાક |
| ૬ | મુખ્ય કસોટી (Main Test) (વિષય – Environmental Biotechnology) | Annexure-XIII | ૨૦૦ | ૨ કલાક |

● **મૌખિક કસોટી :** (૧)Written Test માં પસંદગી સમિતિએ નિયત કરેલ લાયકી ગુણ (qualifying marks) મેળવનાર ઉમેદવારો પૈકી ભરતી માટે દર્શાવેલ ખાલી જગ્યાના કુલ જગ્યાના આશરે ૬ ગણા ઉમેદવારોને કોમનમૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. (૨) મૌખિક કસોટીમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર ઉમેદવારો પસંદગી માટે પાત્રતા ઘરાવશે નહી. (૩)ઉમેદવારે જે-તે વિષયમાં મેળવેલા ગુણની ગણતરી મુદા.૧૩(૩)પ્રમાણે કરવામાં આવશે અને બધા વિષયનું સંયુક્ત મેરીટ બનાવવામાં આવશે તેમજ કોમન મૌખિક કસોટી યોજવામાં આવશે.

● **વેઈટેજ :** Written Testનુ વેઈટેજ ૬૦% અને મૌખિક કસોટીનું વેઈટેજ ૪૦% રહેશે. Written Test અને મૌખિક કસોટી બંનેનું મેરીટ ૫૦% થી ઓછુ થશે તે ઉમેદવાર પસંદગીને પાત્ર ગણાશે નહીં. જે તે જગ્યાની પસંદગી યાદી તૈયાર કરવા માટે જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સંખ્યાને ઘ્યાને લેવામાં આવશે. આખરી મેરીટલિસ્ટ બનાવવામાં Written Testતથા મૌખિક કસોટીનું વેઈટેજ ૬૦-૪૦% રહેશે. વધુમાં લેખિત કસોટી તથા મૌખિક કસોટી બંનેમાં ઓછામાં ઓછા ૫૦%ગુણ મેળવવાના રહેશે.

● **સ્પષ્ટીકરણ:** જો ઉમેદવાર લેખિત કસોટી (Writen Test)માં પ્રાથમિક કસોટી (Preliminary Test) અને કોઈપણ એક વિષયમાટે મુખ્ય કસોટી (Mains Test)ના કુલ ૩૦૦માંથી ૧૫૦ ગુણ મેળવેલ હશે અને મૌખીક કસોટીના ૧૦૦ ગુણમાંથી ૬૦ ગુણ મેળવશે તો લેખિત કસોટી (Written Test)ના ૬૦ ટકા ગુણભાર મુજબ ૩૦ ગુણ અને મૌખીક કસોટીના ૪૦ ટકા ગુણભાર મુજબ ૨૪ ગુણ એમ કુલ ૫૪ ગુણ થશે. આ પ્રમાણે દરેક લાયક વિષય માટે ગણવામાં આવશે અને પરિણામ પાઠવવામાં આવશે.

**Formula For Calculating Final Marks:** [Total marks of written exam (i.e P.T.+M.T.) X 60/300=Weighted Marks of Written Exam] + [Marks obtained in Oral Interview X 40/100=Total Weighted Marks of Oral Interview] = Total Weighted Marks.

● **પરિણામ :** (૧)આખરી પસંદગી પામેલ, પ્રતિક્ષા યાદી (wait listed) પરના તથા મૌખિક કસોટી માટે લાયકી ગુણ (qualifying marks) મેળવેલ ઉમેદવારોની વિગતો જીબીઆરસીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. (૨) આ પસંદગીમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે. (૩)પસંદગી નહી પામેલ ઉમેદવારોની વિગત અને તેઓએ મેળવેલ ગુણ પણ જીબીઆરસીની વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ અંગેની જાણકારી સંબધિત ઉમેદવારોને ઈ-મેઈલ/પત્ર દ્વારા પાઠવવામા આવશે.

● **નિમણૂંક :** (૧) ઉમેદવારોની નિમણૂંક માટે પસંદગી યાદીને ધ્યાનમાં રાખી વિચારવામાં આવશે. પરંતુપસંદગી યાદીમાં સામેલ થવાથી નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. (૨) ઉમેદવાર જે જગ્યા પર નિમણૂંક માટે બધી રીતે યોગ્ય છે તે માટે જરૂરી લાગે તેવી તપાસ પછી, સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂંક કરવામાં આવશે નહિ. (૩) પસંદગી પામેલ ઉમેદવારને બે વર્ષની અજમાયશી સમયગાળા દરમ્યાનની સેવા અને ઠરાવેલ શરતો સંતોષકારક રીતે પુર્ણ કરવાથી તેઓ નિયમિત નિમણુંકને પાત્ર થશે. (૪) નિમણૂક પામેલ ઉમેદવારે જે-તે સંસ્થાના નિયમો મુજબની/ સરકારશ્રી ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે. (૫) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે. (૬) ઉમેદવારની નિમણૂંક જેતે સંસ્થા અમલમાં હોય તેવા ભરતી અને સેવા નિયમો / સરકારશ્રીના અથવા સરકારશ્રી ઠરાવે તેવા નિયમોને આધિન રહેશે.

● **અગત્યની સૂચના :** ઉમેદવારોનેખાસજણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણ પત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.

**ભરતી સંબંધિત વધુ તમામ માહિતી માટે જુઓ https://gbrc.gujarat.gov.in/** ●

**Editor and Published by Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information. Block No. 19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Central Press, Nr. Gh-7 Circle, Sector-29, Gandhinagar-382029.**